

# માત્ર વાળથી જ સ્ત્રીની સુંદરતા નથી કેતકી જાનીનો સમાજને જડબાંતોડ જવાબ

સ્કૂલ-કોલેજમાં હતી ત્યારે મારા વાળ ડિમ્પલ કાપડિયા જેવા સુંદર અને ભરાવદાર હતા પણ સમયે કરવટ લીધી. મારા માથા પરથી વાળ ખરતા ગયા. 'મરતા ક્યા ના કરતા'ની જેમ મેં પણ વાળને ખરતા અટકાવવા બનતા પ્રયત્નો કર્યા પણ સમય એવો આવ્યો કે મારા માથા પરના જ નહીં મારા શરીરના અન્ય ભાગો પરથી પણ વાળ ગાયબ થઈ ગયા અને એ સાથે સમાજ, મારા મિત્રો, મારા પોતાના મારાથી ડિસ્ટન્સ બનાવવા લાગ્યા. એક તબક્કે લોકોએ મને એવો અહેસાસ કરાવ્યો કે વાળ વગરની સ્ત્રીને જીવવાનો કોઈ અધિકાર નથી. ધીરે ધીરે હું ડિપ્રેશનમાં સરકવા લાગી. સતત 5 વર્ષ હું રોજે રોજ મરતી. એક દિવસ એવો પણ આવ્યો જ્યારે મેં મારું અસ્તિત્વ ખતમ કરવાની તૈયારી કરી લીધી. બસ તે જ ક્ષણે એક બીજો વિચાર મારા મનમાં ઝબકી ગયો હું આ રીતે મરીશ નહીં, હું લોકોનો સામનો કરીશ અને લોકોને બિન્દાસ્ત બતાવીશ કે, 'હા' હું ટકલી છું. આ શબ્દો છે મોડલિંગની દુનિયામાં સફળ મોડલ બનેલાં કેતકી જાનીના. ઉંદરી (એલોપેસિયા) નામના રોગને કારણે માત્ર 8 જ મહિનામાં વાળવિહીન બનેલા કેતકી જાની મજબૂતીની મિશાલ બની અન્ય એલોપેશિયન માટે આત્મવિશ્વાસથી જીવન જીવવા માટેની પ્રેરણામૂર્તિ બન્યાં છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સૌંદર્ય સ્પર્ધા જીતનાર સર્વ પ્રથમ વાળવિહીન મહિલા કેતકી જાનીને 15 વર્ષ પહેલાં જ્યારે ખબર પડી કે એલોપેસિયાને કારણે તેઓ વાળ ગુમાવી રહ્યાં છે ત્યારથી તેમની જે પીડાજનક સફર શરૂ થઈ અને સફળ મોડલ બનવાની મંજિલ સુધી પહોંચી તે સંઘર્ષપૂર્ણ ગાથા વિશે એક પ્રસંગમાં સુરત આવેલાં કેતકી જાનીએ સન્નારીની ટીમ સાથે વાતચીતમાં જે જણાવ્યું તેના અંશો....

## 8 મહિનામાં જ માથા પરના તમામ વાળ ખરી ગયા

1971માં અમદાવાદમાં જન્મેલાં અને અહીં જ એમ.એ., બી.એડ. સુધી ભણ્યા બાદ લગ્ન કરીને મહારાષ્ટ્રના પુણેમાં સ્થાયી થયેલાં કેતકી જાની મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી પાઠ્યપુસ્તક મંડળમાં વિશેષાધિકારી તરીકે કાર્યરત છે. તેઓ પોતાના પરિવાર અને બે લાડકવાયા શ્વાન સાથે સુખેથી જીવન પસાર કરી રહ્યાં હતાં પણ પછીથી તેમની જે પીડાજનક સફર શરૂ થઈ તે વિશે દિલ ખોલીને વાત કરતાં કરતાં તેઓ ભાવુક થઈ ગયાં હતાં. આંખોમાં આવી ગયેલાં આંસુને આંગળીના ટેરવાથી લૂછતાં લૂછતાં તેઓ કંઈક આ રીતે કહેવા લાગ્યા. ''2010ની વાત છે. હું ઓફિસમાં હતી અને મને માથાના પાછળના ભાગમાં ખંજવાળ આવી. ત્યાં સ્પર્શ કરતા તે ભાગ લીસ્સો લાગ્યો. મારા સાથી કર્મચારીએ કહ્યું ચાંદલો હોય તેવા રાઉન્ડ શેપમાં વાળ નથી. તરત ડૉક્ટર પાસે જતાં ખ્યાલ આવ્યો કે હું એલોપેસિયાનો શિકાર બની છું. ડૉક્ટરના આ શબ્દોએ મને સ્તબ્ધ કરી નાખી. હું ધ્રુજી ઊઠી. મારું દિલ ડૉક્ટરના શબ્દોને સ્વીકારવા તૈયાર નહોતું. પછી તો માત્ર 8 જ મહિનામાં મારા માથા અને શરીરના અન્ય ભાગોના વાળ ગાયબ થઈ ગયા. હું એલોપેસિયા યુનિવર્સલ ડિસઓર્ડરનો શિકાર બની હતી જેમાં શરીર પરના તમામ વાળ ખરી પડે છે. મારા વાળ ખરતા બચાવવા મેં અનેક ઉપચાર કર્યા પણ કોઈ ઉપાય કારગત નહીં નીવડ્યો.''

### ઘરના અને બહારના કહેતાં પાપ કર્યાં હોય તો કુદરત આવી સજા આપે

માથા પર વાળ નહીં રહ્યા તો પહેલાં વિગ પહેરતી, સ્કાર્ફ બાંધતી, કેપ પહેરતી. ઘરના અને બહારના લોકો કહેતા આ તો પાપ કર્યાં હોય તો કુદરત આવી સજા આપે. મને થતું કે, મેં એવાં શું પાપ કર્યાં છે? હું મારી જાતને બ્લેમ કરવા લાગી. મારી આજુબાજુના લોકો મને ગિલ્ટ ફીલ કરાવતા. સમાજે એવું વાતાવરણ ઊભું કર્યું કે ટકલી સ્ત્રીઓને જીવવાનો અધિકાર નથી. મને થતું કે મને કુદરતે વાળવિહીન કરી તેમાં મારો કોઈ દોષ નથી. મારી આજુબાજુ જે પાપી લોકો છે તેમના જેટલાં તો મેં પાપ નથી જ કર્યાં તો પણ મને આવી સજા મળી? લોકોને એવું પણ લાગતું કે મને કેન્સર થયું છે કેમ કે કેન્સરની બીમારીમાં માથા પરના વાળ ખરી પડતાં હોય છે.''

## સન્માન અને અવોર્ડ્સ

- 'ભારત પ્રેરણા' અવોર્ડ
- 'વુમન ઓફ વર્ધિનેસ' અવોર્ડ
- 'ઉદગમ - વુમન્સ અચીવમેન્ટ્સ' અવોર્ડ
- 'ઇન્સ્પિરેશનલ વુમન ઓફ ધ યર 2019'
- 'ઇન્સ્પાયરિંગ વુમનહુડ - ધ વી અવોર્ડ 2019'
- મોડેલિંગ ક્ષેત્રે અસાધારણ યોગદાન બદલ
- 'જ્વેલ ઓફ ઇન્ડિયા' દ્વારા સન્માનિત
- 'હ્યુમેનિટી ફર્સ્ટ ફાઉન્ડેશન' દ્વારા
- (ડિસેમ્બર 2019)
- 'પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન' દ્વારા
- સામાજિક જાગૃતિ માટે (જાન્યુઆરી 2020)
- 'ક્વીન્સ લીગ અવોર્ડ' - 2021
- 'ક્વીન્સ ગોલ્ડન લીગ અવોર્ડ' - 2021
- 'વન્ડર વુમન અવોર્ડ' - 2021
- 'આઇ-ઇન્સ્પાયર અવોર્ડ 2022'
- 'ગાથા ગુજરાતી 2023' દ્વારા સન્માનિત
- પુણે વુમન્સ ક્લબ દ્વારા 'એગ્ઝેમ્પ્લરી પર્ફોર્મન્સ અવોર્ડ 2025'



## મુખ્ય કાર્યક્ષેત્ર અને સિદ્ધિઓ

- પોડકાસ્ટ હોસ્ટ:
- 'બાલ હો ના હો'
- પૂર્વ કોલમિસ્ટ:
- જાણીતા ગુજરાતી અખબાર મુંબઈ સમાચારમાં પૂર્વ કોલમ લેખિકા

**મીડિયા કવરેજ:**
PTI અને BBC સહિત અનેક પ્રતિષ્ઠિત પ્રકાશનો, રેડિયો અને ટીવી ચેનલો દ્વારા ઇન્ટરવ્યૂ

**લાઇવ ઇન્ટરવ્યૂઝ:**
અનેક લોકપ્રિય ચેનલો પર, જેમાં 'Josh Talks' પણ સામેલ 'હ્યુમન લાઇબ્રેરી પુણે'ના ચેપ્ટરનો ભાગ

**પેનલિસ્ટ:** 'લોકમત વુમન સમિટ 2022'

**સૌથી મહત્ત્વપૂર્ણ સિદ્ધિ**
નવલકથા: 'અગ્નિજા' (AGNIJA - Daughter of Fire) લેખક: વરિષ્ઠ લેખક અને પત્રકાર પ્રફુલ્લ શાહ
કેતકી જાનીના જીવનસંઘર્ષ અને સફર પર આધારિત આ નવલકથા ગુજરાતી તેમ જ હિન્દીમાં પ્રકાશિત થઈ છે. જે અત્યાર સુધી 7 લાખથી વધુ વાચકો દ્વારા વંચાઈ ચૂકી છે.

## બાળકોએ સપોર્ટ કર્યો, હસબન્ડને સમાજ શું કહેશે તેનો ડર લાગતો

''હતાશા અને નિરાશાથી હું એટલી ઘેરાઈ ગઈ હતી કે મને કાંઈ સૂઝતું નહોતું. લોકોનો બદલાયેલો વ્યવહાર મને અંદર ને અંદર ધીમા ઝેરની જેમ મારી રહ્યો હતો અને એક રાત્રે અઢી-ત્રણ વાગે પંખા પર દુપટ્ટા સાથે લટકીને આત્મહત્યા કરવાનો વિચાર કર્યો પણ પછી અનેક વિચારોએ મને ઘેરી લીધી. મારાં ઊંઘતાં બાળકો પર મારી નજર પડી અને હું વિચારવા લાગી કાલે સવારે મારાં બાળકો ઊઠશે અને મને આ રીતે જોશે તો તેઓ શું વિચારશે? તેઓ કોને બોલાવશે? દરેક બાળકોને 'મા'ની જરૂર હોય છે. મારાં બાળકોને પણ મારી જરૂર છે. તેઓ મને નહીં ભૂલી શકે અને પછી મેં નિર્ધાર કર્યો કે હું મરીશ નહીં. લોકોને મને જોવી નહીં ગમતી હોય તો તે તેમનો પ્રશ્ન છે મારો પ્રશ્ન નથી. મારી દીકરી અને દીકરો મને ખૂબ સપોર્ટ કરતાં હતાં પણ મારા હસબન્ડનો વ્યવહાર લોકો જેવો હતો. તેઓ મને સપોર્ટ નહોતા આપતા પણ તેઓને એવું હતું કે હું વિગ પહેરું.

